તારીખ : 18/08/2025

# શ્રી કૃષ્ણ જન્મોત્સવ સમિતિ દ્વારા જન્માષ્ટમી મહોત્સવ 2025 નું બે દિવસનો ભવ્ય આયોજન કરવામાં આવ્યું





## સમગ્ર ગુજરાતમાં સર્વ પ્રથમ વખત શ્રી વ્રજલીલા ઉત્સવ નું આયોજન કરવામાં આવેલ




















જેમાં પ્રથમ દિવસે દ્વારકા મંદિરના અદભુત દર્શન અને આરતી નું આયોજન અને આઠમના દિવસે સવારે 9:00 કલાકે ભગવાનની પૂજા બપોરે 4:00 કલાકે અન્નકૂટના દર્શન તેમજ રાત્રે 9:00 કલાકે હરિહર ડાન્સર્સ ગ્રુપ અમરેલી દ્વારા વ્રજ લીલા ઉત્સવની ભવ્ય ઝાકી રજૂ કરાઈ અને દાતાશ્રીઓના સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ રાત્રિના બાર કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવ અને મટકી ફોડ નો કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવવામાં આવેલ . જેમાં હજારોની સંખ્યામાં ભક્તજનો અને ધર્મપ્રેમી જનતાએ હાજર રહી અને દર્શનનો લ્હાવો લીધેલ. તેમજ સમગ્ર કાર્યક્રમ ના મુખ્ય મહેમાન તરીકે આંતરરાષ્ટ્રીય પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ડોક્ટર પ્રવીણભાઈ તોગડીયા ની વિશેષ ઉપસ્થિતિ રહી તેમ જ સમગ્ર કાર્યક્રમ કબીર ટેકરીના મહંત શ્રી નારણ સાહેબની આશીર્વાદથી યોજાયો હતો.

સમગ્ર કાર્યક્રમના મુખ્ય યજમાન તરીકે V H R O ઓ પરિવાર રસિકભાઈ વેકરીયા પ્રશાંતભાઈ વેકરીયા હિરેનભાઈ વેકરીયા તેમજ ઈલોરા કોલ્ડ્રીંક્સ મુકેશભાઈ ગોહિલ આકાશભાઈ ગોહિલ મોહિતભાઈ ગોહિલ રહ્યા હતા. સમગ્ર માહોલ જાણે ગોકુળ મથુરા બની ગયું હોય તેવું થઈ ગયું હતું. સમગ્ર કાર્યક્રમમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ સમિતિ ના આયોજકો અને તમામ સભ્યો સ્વયંસેવકો દ્વારા ખડે પગે રહીને અથાગ મહેનત અને સંપૂર્ણ વ્યવસ્થા જાળવવામાં આવેલ.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા ના માનવ મંદિર આશ્રમ મનોરોગી બહેનોના આશ્રમમાં ધ્વજ વંદન કરવામાં આવ્યું અને એ પણ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજઅમરેલી ના કુમારી રીઝવાના બેન બુખારીના વર્ષ હસ્તે ધ્વજવંદન કરાયું








સામાન્ય રીતે ધ્વજ વંદન સરકારી કચેરીઓમાં કરવામાં આવતું હોય છે પરંતુ સાવરકુંડલા ના માનવ મંદિર આશ્રમ મનોરોગી બહેનોના આશ્રમમાં ધ્વજ વંદન કરવામાં આવ્યું અને એ પણ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજઅમરેલી ના કુમારી રીઝવાના બેન બુખારીના વર્ષ હસ્તે ધ્વજવંદન કરાયું સાવરકુંડલા થી પાંચ કિલોમીટર હાથસણી રોડ ઉપર છેલ્લા 13 વર્ષથી રખડતા ભટકતા નિરાધાર મનોરોગી મહિલાઓનો સુરક્ષિત આશ્રમ માનવ મંદિર આવેલો છે જ્યાં ભક્તિ બાપુને મિશ્રામાં અત્યારે 58 જેટલી વિવિધ પ્રાંતની મનોરોગી બહેનો પુનઃ જીવન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે આ આશ્રમમાં કોઈ ધર્મ કે જ્ઞાતિ નહીં પરંતુ રાષ્ટ્રભાવનાને ઉજાગર કરવા નો પ્રયાસ ભક્તિ બાપુ દ્વારા કરવામાં આવી રહ્યો છે અહીંયા સ્વાતંત્ર દિન અને પ્રજાસત્તાક દિનની જ ઉજવણી કરવામાં આવે છે અને સામાજિક કાર્યકર કે કોઈ રાજકીય પક્ષ સાથે ન જોડાયેલા હોય તેવી વ્યક્તિઓના વર્ગ હસ્તે જ ધ્વજ વંદન કરવામાં આવે છે ત્યારે આ આશ્રમના 13માં વર્ષે મહિલાઓના આશ્રમે એક પ્રતિષ્ઠિત મહિલા ન્યાયમૂર્તિ માનનીય ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ કુમારી રીઝવાના બેન બુખારીના દસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. માનનીય જજ સાહિબા એ માનવ મંદિર આશ્રમે ધ્વજવંદન કરી રાષ્ટ્રીય ભાવના ઉજાગર કરવા મનોરોગી બહેનોને સમજ આપી હતી ઉપરાંત અહીં આ ઉપસ્થિત નિવૃત્ત આર્મી મેન અતુલ જાની અને પાંચ નિવૃત્ત આર્મીમેન ઉપરાંત હોમગાર્ડ કમાન્ડર પ્રવીણભાઈ સાવજ ની પાંચ હોમગાર્ડ ની ટીમ તેમજ સરકારી વકીલ મમતાબેન ત્રિવેદી અને એડવોકેટ મયુરભાઈ માંજરીયા તેમજ અમરેલીના મહિલા એડવોકેટ સહિત માનવ મંદિરના સેવકો ની ઉપસ્થિતિમાં ધ્વજ વંદન કરાયા બાદ મનોરોગી બહેનોને સાથે વાતચીત અને મુલાકાત કરી હતી ત્યારબાદ આશ્રમે આવેલી ગૌશાળા ના વાછરડીઓને માનનીય જજ સાહીબા એ ગોળ ખવડાવી એક સામાજિક જવાબદારી પણ નિભાવી હતી. ત્યારબાદ માનવ મંદિરની જે મનોરોગી બહેનો હોસ્ટેલમાં રહે છે તે હોસ્ટેલની મુલાકાત લીધી હતી અને અહીં રહેતી બહેનો વિશે માહિતી મેળવી હતી ભક્તિ બાપુએ ડિસટીક એન્ડ સેશન્સ જજ કુમારી રીઝવાના બેન બુખારી નું હનુમાનજીની પ્રતિમા આપી સ્વાગત કર્યું હતું આશ્રમની મુલાકાત અને ભક્તિ બાપુ સાથે ની વાતચીત છે તેઓ એ પણ પોતાનો રાજીપો અને લાગણી વ્યક્ત કરી હતી અને આશ્રમની ફરી મુલાકાત લેવાની વાત કરી વિદાય લીધી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલામાં ભવ્ય અને દિવ્ય જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી, વિરાટ શોભાયાત્રામાં હજારો ભક્તો જોડાયા

## હિન્દુ યુવા સંગઠન દ્વારા આયોજિત શોભાયાત્રામાં ૧૦૮ કાનુડા, રજવાડી રથ અને વિવિધ ફ્લોટ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા





સાવરકુંડલામાં જન્માષ્ટમીની ઉજવણી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ પ્રેરિત હિન્દુ યુવા સંગઠન દ્વારા ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો જોડાતા સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બન્યું હતું.'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી' અને 'હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલકી'ના ગગનભેદી નારા સાથે આ શોભાયાત્રાનો પ્રારંભ શ્રી સનાતન આશ્રમ,







જેસર રોડથી થયો હતો. શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થયેલી આ યાત્રામાં ૧૦૮ કાનુડા, રજવાડી રથ, અને વિવિધ ફ્લોટ્સ ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ ઉપરાંત, મોટી સંખ્યામાં શણગારેલા ટ્રેક્ટરો પણ યાત્રામાં જોડાયા હતા. ૪૩ દિવસના વિરામ બાદ આવેલા જોધમાર વરસાદમાં પણ ભક્તોનો ઉત્સાહ ઓછો થયો નહોતો. વરસાદી માહોલ અને આનંદ-ઉમંગ સાથેની આ શોભાયાત્રાએ નગરજનોને અનોખો અનુભવ કરાવ્યો હતો. આ દિવ્ય દૃશ્યને માણવા અને ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરવા હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ શોભાયાત્રાનું સમાપન શ્રી ગોવર્ધનનાથજી હવેલી ખાતે થયું હતું.આ દિવ્ય મહોત્સવને સફળ બનાવવા માટે સાવરકુંડલા શહેરની તમામ જાહેર સંસ્થાઓ, વિવિધ જ્ઞાતિઓના અગ્રણીઓ અને હિન્દુ ધર્મપ્રેમી જનતાએ સક્રિય સહભાગિતા નોંધાવી હતી. આયોજનની સફળતા બદલ હિન્દુ યુવા સંગઠનના પ્રમુખ શ્રી પ્રણવભાઈ વસાણી અને તેમની સમગ્ર ટીમ દ્વારા તમામ સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમણે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દિવસ-રાત જોયા વગર મહેનત કરનાર તમામ સ્વયંસેવક મિત્રોનો જાહેરમાં આભાર માન્યો હતો.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પદ્ધતિ દ્વારા વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

### અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ ક્લિનીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર

સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮

સ્થળ : ઈન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઈ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વિરામ બાદ સાવરકુંડલામાં મેઘરાજા મહેરબાન...



છેલ્લા કેટલાક દિવસથી સાવરકુંડલા તથા સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ ની રાહ જોવામાં આવી રહી હતી ખેડૂતો અને લોકો પણ વરસાદની રાહ જોતા હતા. શરૂઆતમાં સારો વરસાદ બાદ છેલ્લા ઘણા સમયથી વરસાદ ન પડતા ખેડૂતો પણ ચિંતિત હતા અને આજે સાવરકુંડલા તથા ગ્રામ્ય વિસ્તારમાં સારો વરસાદ પડતા ખેડૂતો ખુશખુશાલ થયા હતા. સાવરકુંડલા તાબાના ઠવી,વીરડી મેકડા રબારીકા મોટા ભમોદરા નેસડી બાઢડા,ગાધકડા વગેરે ગામમાં પણ સારો વરસાદ પડ્યો હતો જ્યારે 18 ઓગસ્ટ 2025 સોમવારના રોજ બે ઈંચ જેટલો વરસાદ સાવરકુંડલા તથા ગ્રામ્ય વિસ્તારમાં પડ્યો છે. જાણે મેઘરાજા મહેરબાન થયા હોય તેમ પ્રકૃતિ પણ ખીલી ઉઠી હતી. અને આગામી સાત દિવસ એટલે કે 18 ઓગસ્ટ થી 24 ઓગસ્ટ સુધી સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં આગાહી કરવામાં આવી છે ત્યારે હજુ પણ સાવરકુંડલા તથા અમરેલી જિલ્લામાં વરસાદ પડવાની શક્યતા છે.

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં અમરેલી જિલ્લામાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા અધિકારીશ્રીઓ અને કર્મયોગીશ્રીઓનું સન્માન













અમરેલી, તા.૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ (શુક્રવાર) અમરેલી જિલ્લાના વડીયા મુકામે યોજાયેલા જિલ્લા કક્ષાના ૭૯મા સ્વાંતત્ર્ય દિનની ઉજવણીના સમારોહમાં જિલ્લામાં કામગીરી કરનારા અધિકારીશ્રીઓ અને કર્મયોગીશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના શહીદ વીર શ્રી વિકાસભાઈ ભનુભાઈ કુંમરના પરિવારજનોનું પણ જિલ્લા કલેકટરશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન કાર્યક્રમમાં અમરેલી સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી-વડીયા-કુંકાવાવના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરીમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાત, સૂપર ન્યૂમરરિ આઈએએસ - આસિસ્ટન્ટ કલેકટર શ્રી અતુલ સિંઘ અને અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલ કાનાણી પણ જોડાયા હતા. સન્માન સમારંભમાં જિલ્લાના ઉપસ્થિત રહેલા ૭૦ જેટલા અધિકારીશ્રી અને કર્મચારીશ્રી તેમજ ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મનહરસિંહ ગોહિલ સહિત શિક્ષણ કચેરીના કર્મયોગીઓ એવા ૦૮ શિક્ષકો, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરીના ૦૩ ખેલાડીઓ, અમરેલી વિદ્યાસભાના ૦૫ ખેલાડીઓ, ૦૪ હોમગાર્ડ્ઝ, ધારી વન કચેરીના ૦૫ અધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓ, જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના ૦૨ કર્મયોગી, આરોગ્ય તંત્રના ૧૨ કર્મયોગીઓ, મહેસૂલના ૦૩ કર્મયોગીશ્રીઓ, પંચાયતના ૦૬ અધિકારીશ્રી-કર્મયોગીશ્રીઓ, સંકલિત બાળ વિકાસ યોજનાના કર્મયોગીશ્રીઓ, પ્રાકૃતિક કૃષિ કરતા આત્મા ફાર્મસ એવોર્ડ અન્વયેના ૦૪ કૃષિકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. વધુમાં, અમરેલી ૧૦૮ના એક પાઈલટ અને એક ઈ.એમ.ટી, પોલીસ ઈન્સપેક્ટર, પોલીસ સબ ઈન્સપેક્ટર, આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ સહિત ૧૬ અધિકારીશ્રી-કર્મયોગીશ્રીઓનું પણ આ તકે સન્માન કરવામાં આવ્યું હતું. સન્માનિત થનારા અધિકારીશ્રીઓ, કર્મયોગીઓ, ખેડૂતો, ખેલાડીઓને શિલ્ડ, પ્રમાણપત્ર, મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વાંતત્ર્ય પર્વ પ્રસંગે સ્મૃતિ તસવીર સાથે થયેલું સન્માન એ સન્માનિતો માટે યાદગાર સંભારણુ બની રહ્યુ હતુ.





નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 18/08/2025

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગાધકડા આશાપુરા મંદિર ખાતે પક્ષીઓ માટે અનોખી જુવાર સેવા પ્રવૃત્તિ





સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે આવેલા શ્રી આશાપુરા માતાજી મંદિર ખાતે પક્ષીઓની સેવા માટે એક અનોખી અને પ્રેરણાદાયી પહેલ ચાલી રહી છે. આ મંદિર ટ્રસ્ટ દ્વારા દરરોજ ૧૦૦ કિલોગ્રામ જુવાર પક્ષીઓ માટે નાખવામાં આવે છે, જેનો લાભ હજારો કબૂતરો અને અન્ય પક્ષીઓ ઉઠાવે છે. આ સેવાકીય પ્રવૃત્તિ મંદિરના ભક્તો અને સ્થાનિક સમુદાયના સહયોગથી નિયમિત રૂપે ચાલી રહી છે.આશાપુરા માતાજી મંદિર, ગાધકડા એ શ્રદ્ધા અને ભક્તિનું કેન્દ્ર હોવાની સાથે સાથે પર્યાવરણ અને જીવદયા પ્રત્યેની જવાબદારીનું પણ ઉદાહરણ પૂરું પાડે છે. આ પ્રવૃત્તિ દ્વારા પક્ષીઓને નિયમિત ખોરાક મળે છે, જેનાથી પર્યાવરણીય સંતુલન જાળવવામાં મદદ મળે છે.

આ ઉપરાંત, આ પહેલ લોકોમાં જીવદયા અને પ્રકૃતિ પ્રત્યેની સંવેદનશીલતા વધારવાનું કામ કરે છે.શ્રી આશાપુરા મંદિરના રમેશભાઈ ધામી એ જણાવ્યા અનુસાર, આ સેવા દરરોજ સવારે, બપોરે અને સાંજે નિયમિત રૂપે કરવામાં આવે છે. આ પ્રવૃત્તિમાં સ્થાનિક લોકો અને ભક્તો પણ ઉત્સાહથી ભાગ લે છે. આ કાર્ય દ્વારા ન માત્ર પક્ષીઓની ભૂખ મિટે છે, પરંતુ ગામમાં શાંતિ અને સમૃદ્ધિનો સંદેશ પણ પ્રસરે છે.આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ અન્ય સમાજો અને સંસ્થાઓ માટે પણ પ્રેરણારૂપ છે. ગાધકડા આશાપુરા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતું આ કાર્ય ધર્મ, પર્યાવરણ અને જીવદયાના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ છે.


ઉત્સવની
ઉજવણીનો
ઠાઠ!
KAUN BANEGA MALAMAL-2026
CAR-PATI
KAUN BANEGA MALAMAL-2026
T & C APPLY*
કુલ ઈનામો
૫૦૧
...આ ઓફર તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધી માન્ય...
સોનિક® જવેલર્સ લી.
હવેલી શેરી, સાવરકુંડલા.
ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સીપી રાધાકૃષ્ણનજી બન્યા ભારતના નવા ઉપ રાષ્ટ્રપતિ



ભાજપના અધ્યક્ષ જગતપ્રકાશ નડ્ડાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી સંસદીય બોર્ડ બેઠક બાદ રાધાકૃષ્ણનનું નામ જાહેર કરતાં રાજકીય વર્તુળોમાં ચર્ચાનો નવો માહોલ ઉભો થયો. આ ઉમેદવારી વર્તમાન ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના આરોગ્ય કારણસર રાજીનામા બાદ આવી છે. 9 સપ્ટેમ્બર, 2025ના રોજ થનારી ચૂંટણી માત્ર એક ઔપચારિકતા રહીશે. સાથે દક્ષિણ ભારત અને ખાસ કરીને OBC વર્ગોમાં NDAના વિસ્તારના સંકેત રૂપે જોવામાં આવે છે.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) દ્વારા ભારતના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે થિરુ સીપી રાધાકૃષ્ણનજીને નોમિનેટ કરવાના નિર્ણયનું સ્વાગત કર્યું.X પર એક થ્રેડ પોસ્ટમાં, તેમણે લખ્યું:"જાહેર જીવનમાં તેમના લાંબા વર્ષો દરમિયાન, થિરુ સીપી રાધાકૃષ્ણનજીએ તેમના સમર્પણ, નમ્રતા અને બુદ્ધિમત્તાથી પોતાને અલગ પાડ્યા છે.

તેમણે જે વિવિધ હોદ્દા સંભાળ્યા છે તે દરમિયાન, તેમણે હંમેશા સમુદાય સેવા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોને સશક્ત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમણે તમિલનાડુમાં પાયાના સ્તરે વ્યાપક કાર્ય કર્યું છે. મને ખુશી છે કે એનડીએ પરિવારે તેમને અમારા ગઠબંધનના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે નામાંકિત કરવાનો નિર્ણય લીધો છે.""થિરુ સીપી રાધાકૃષ્ણનજી પાસે સાંસદ અને વિવિધ રાજ્યોના રાજ્યપાલ તરીકેનો સમૃદ્ધ અનુભવ છે. તેમના સંસદીય હસ્તક્ષેપો હંમેશા તીવ્ર રહ્યા છે. તેમના રાજ્યપાલના કાર્યકાળ દરમિયાન, તેમણે સામાન્ય નાગરિકો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોનો સામનો કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ અનુભવોએ ખાતરી આપી કે તેમને કાયદાકીય અને બંધારણીય બાબતોનું બહોળું જ્ઞાન છે. મને વિશ્વાસ છે કે તેઓ એક પ્રેરણાદાયી ઉપરાષ્ટ્રપતિ બનશે."

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સરળ હપ્તેથી ઘરનો પ્લોટ વસાવો..

## એ પણ તમારા બજેટમાં

શિવાજીનગર, હિંમતભાઇ તથા કિશોરભાઇ વિરાણીની વાડી,




પટેલવાડીની માત્ર 450 મીટરના અંતરે

## જુજ પ્લોટ બાકી...

અયોધ્યા રેસીડેન્સીમાં પ્લોટ લેનાર તમામ ખરીદદારો અને સમર્થકો...
આપના અપાર પ્રેમ અને સમર્થન તેમજ શુભેચ્છકો અને
સ્ટેપ બ્રોકર ટીમથી અમારા પ્રોજેક્ટને શાનદાર પ્રતિસાદ મળ્યો છે.

આ માટે અમો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આપનો વિશ્વાસ અમને શ્રેષ્ઠ સેવા આપવા પ્રેરે છે. આગળ પણ આપનો સાથ અપેક્ષીએ...

अयोध्या રેસીડેન્સી

: સંપર્ક :

પ્રકાશભાઇ સગર 95588 77077

ભાવેશભાઇ વાંઝા 94269 32268

92774 56798
99746 72488
94297 01119
94290 77163

તો આવો... આજે જ તમારો સપનાનો પ્લોટ બુક કરાવો..

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વડિયા કૃષ્ણ જન્મના રંગે રંગાયું,ભવ્ય શોભાયાત્રા સાથે મટકી ફોડ નો કાર્યક્રમ કરી જન્માષ્ટમી ની ઉજવણી કરાઈ





શીતળા ધાર ખાતે લોકમેળા નુ આયોજન કરાયુંગાયત્રી ચોક યુવક મંડળ દ્વારા કરાયુ હતુ ભવ્ય આયોજનવડિયાસમગ્ર દેશમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાત માં ખાસ કરીને સૌરાષ્ટ્ર પ્રાંત માં જન્માષ્ટમી પર્વ ની ઉજવણનો માહોલ કંઈક અલગ જ જોવા મળે છે. અહીં શોભાયાત્રા, મટકી ફોડ, લોકમેળા ના ભવ્ય આયોજન કરી ને જન્માષ્ટમી ઉજવામાં આવે છે. અમરેલી જિલ્લા ના છેવાડાના તાલુકા મઠક એવા વડિયામાં જન્માષ્ટમીની ઉજવણી માટે ગાયત્રી ચોક યુવક મંડળ દ્વારા કૃષ્ણપરા સ્થિત આવેલી હવેલી થી મુખ્ય બજાર થઈ શીતળા ધાર સુધી યોજવામાં આવેલી શોભાયાત્રા માં ડીજે ના તાલે મટકફોડ ના કાર્યક્રમ અને ડીજે ના તાલે નંદ ઘેર આંનદ ભયો જય કનૈયા લાલ કી ના ગીત પર લોકો જુમ્યા હતા.તો શીતળા ધાર ખાતે ભવ્ય લોકમેળા નુ આયોજન કરવામાં આવ્યુ હતું. વડિયા માં જન્માષ્ટમી ની શોભાયાત્રા માં મોટી સંખ્યામાંલોકો જોડાતા રાસ ગરબા ની રમઝટ વચ્ચે હૈયે હૈયું દળા યુ હતું. જન્માષ્ટમી ઉત્સવ ના ગાયત્રી ચોક યુવક મંડળ ના આ સફળ આયોજન ને લોકોએ બિરદાવ્યું હતુ.



નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

તારીખ : 18/08/2025

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# શ્રી અરવિન્દ

## પંદરમી ઓગષ્ટ ૧૯૪૭

**શ્રી અરવિન્દે ઓગષ્ટ ૧૫, ૧૯૪૭ના દિવસે આપેલો સંદેશ ફરી ફરીને વંચાતો રહે અને તેનું રહસ્ય તેમના લાખો લાખો દેશબાંધવોને સમજાવાતું રહે એ ખૂબ જરૂરનું છે. ભારતને શ્રી અરવિન્દની દૃઢ પ્રતીતિની અને શ્રદ્ધાની ઘણી જ જરૂર છે. - શ્રી માતાજી**

ઓગષ્ટની ૧૫મી, એ સ્વતંત્ર ભારતનો જ-મદિવસ છે. એ દિવસથી એના માટે એક જૂના યુગનો અંત આવે છે. એક નવા કાળનો આરંભ થાય છે. પરંતુ એ દિવસનું માત્ર આપણા માટે જ નહી, પણ એશિયા માટે અને આખાયે જગતને માટે એક રહસ્ય રહેલું છે; કેમ કે એ દિવસ રાષ્ટ્રોના મિત્રસમુદાયમાં એક નવી શક્તિનો પ્રવેશ સૂચવે છે. આ નવી શકિત અકથિત શક્યતાઓથી ભરેલી છે અને તેણે માવનજાતિના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ભાવિનો નિર્ણય કરવામાં એક મોટો ભાગ ભજવવાનો છે. મને પોતાને અંગત રીતે સ્વાભાવિક રીતે જ આ વસ્તુ તૃપ્તિદાયક બની રહેવી જોઈએ કે આ તારીખ તો મારે પોતાને માટે જ ધ્યાન ખેંચે તેવી હતી, કારણ કે એ મારો પોતાનો જન્મદિવસ હતો અને જે લોકોએ મારા પોતાના જીવન દર્શનનો સ્વીકાર કરેલો છે તેઓ તેને દર વર્ષે ઉજવતા રહ્યા છે, એ તારીખ આ વિશાળ રહસ્ય ધારણ કરતી થઈ છે. એક યોગી તરીકે, આ એકરૂપતાને હું એક સહગામી ઘટના તરીકે અથવા તો અણધાર્યા અકસ્માત તરીકે જોતો નથી, પરંતુ એ એકરૂપતામાં જે કામ લઈને મેં જીવન શરૂ કરેલું તે કામમાં મારાં પગલાંને દોરતી રહેતી દિવ્ય શકિતની સંમતિ છે અને મહોરછાપ છે એમ હું જોઉં છું. ખરેખર જગતની જે જે પ્રવૃત્તિઓને મેં મારા જીવનકાળ દરમિયાન સંપૂર્ણ થવાની આશા રાખેલી હતી, જોકે એ સમયે તો તે અશકય સ્વપ્નો જેવી જ દેખાતી હતી. એ પ્રવૃતિઓમાંથી લગભગ બધીજ આજના દિવસે હું જોઈ શંકુ છું કે, કાં તો સફળ થવાની તૈયારીમાં છે અથવા તો તેમનાં મંડાણ થઈ ગયાં છે અને તે તેમની સિદ્ધિના માર્ગે નીકળી ચૂકી છે.

આ મહાન પ્રસંગે મને એક સંદેશ આપવાનું કહેવામાં આવ્યું છે, પણ હું કદાચ આ સંદેશ આપવાની સ્થિતિ માં ભાગ્યે જ છુ. હું માત્ર આટલું જ કરી શકું તેમ છું કે મારા બાળપણમાં અને યૌવનકાળમાં મેં જે લક્ષ્યો અને આદર્શોની કલ્પના સેવી હતી અને જેમની સિદ્ધિનો આરંભ થતો મેં નિહાળ્યો છે તેમનું હું એક અંગત નિવેદન કરી દઉં, કારણ કે આ લક્ષ્યો અને આદશોં ભારતની સ્વતંત્રતાની સાથે સંબંધિત રહેલાં છે, એ બધાં હું જેને ભારતનું ભાવિ કાર્ય માનું છું તેના એક ભાગ રૂપે છે, એ કાંઈક એવી વસ્તુ છે કે જેમાં ભારત સૌથી આગળ પડતું સ્થાન લીધા વિના રહી શકે તેમ નથી. કેમ કે, હું હંમેશા માનતો રહ્યો છું અને કહેતો રહ્યો છું કે, ભારત ઉદય પામી રહ્યું છે તે માત્ર તેનાં પોતાના સ્થૂળ હિતોને સાધવા માટે જ નથી, વિસ્તાર, મહત્તા, શક્તિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે જ નથી. જોકે આ બધાંને પણ તેણે ઉપેક્ષિત કરવાનાં નથી, અને બીજા લોકો ઉપર આધિપત્ય મેળવવાને તો તે ખરેખર ઉદય પામતું નથી જ, પણ આખીએ માનવ જાતિના એક સહાયક અને નેતા તરીકે પ્રભુ અને જગતને ખાતર પણ જીવવા માટે તે ઉદય પામી રહ્યું છે. આ લક્ષ્યો અને આદર્શો તેમના સ્વાભાવિક આ ક્રમમાં રહેલાં છે :

(શ્રી અરવિંદ ના પાંચ સ્વપ્નો)

* એક એવી ક્રાંતિ બની આવે કે જે ભારતની સ્વતંત્રતા અને તેની એકતાને સિદ્ધ કરી આપે :

* એશિયાનું પુનરુત્થાન અને મુકિત થાય અને માનવ સંસ્કૃતિની પ્રગતિમાં તેણે જે મહાન ભાગ ભજવ્યો હતો તે ભાગ ભજવવો તે પાછો શરૂ કરે ;

* માનવજાતિ માટે એક નૂતન, એક વધુ મહાન, વધુ તેજસ્વી, વધુ ઉમદા જીવનનો ઉદય થાય અને તેની સંપૂર્ણ સિદ્ધિનો આધાર પ્રજાઓના અલગ અલગ અસ્તિત્વનું એક આંતરરાષ્ટ્રીય એકીકરણ થવા ઉપર રહેશે, એ એકીકરણ તેમના રાષ્ટ્રીય જીવનને સાચવી રાખશે તથા બરાબર અખંડિત રાખશે પણ તે એ બધી પ્રજાઓને એક સર્વોપરિ અને અંતિમ એકતામાં ભેગી લઈ આવશે;

* ભારતના તરફથી તેનું જે આધ્યાત્મિક જ્ઞાન છે તથા આખીયે માનવજાતિને જીવનનું આધ્યાત્મિક સ્વરૂપ મેળવી આપવાનાં તેનાં જે સાધનો છે તેની આખીયે માનવજાતિને ભેટ ધરાવવી;

* છેવટે, વિકાસક્રમમાં એક નવું પગલું ભરાય, કે જે ચેતનાને એક ઉચ્ચ ભૂમિકા પર લઈ જઈને, અસ્તિત્વના જે અનેક અનેક પ્રશ્નો, મનુષ્યોએ વિચાર કરવા માંડયો અને વ્યકિગત સંપૂર્ણતા અને સંપુર્ણ સમાજનું સ્વપ્ન સેવવા માંડયું ત્યારથી માનવજાતિને મૂંઝવતા અને પજવતા રહ્યા છે તે પ્રશ્નોના નિરાકરણનો આરંભ કરી આપશે.

ભારત સ્વતંત્ર તો બન્યું છે. પણ તેણે એકતા સિદ્ધ કરી નથી, માત્ર એક છેદાઈ ગયેલી અને ખંડિત સ્વતંત્રતા આવી છે.

એક વખતે તો લગભગ એમ લાગતું હતું કે તે બ્રિટિશ અમલ પહેલાંની અલગ અલગ રાજયોની જે અંધાધૂંધી ચાલતી હતી તેમાં પાછું સરી જશે. સદ્ભાગ્યે હવે એક એવી બળવાન શકયતા વિકાસ પામી છે તેથી આ ભયાનક પીછેહઠ નિવારી શકાશે. બંધારણસભાની ડહાપણ ભરેલી મૂલગામી નીતિને પરિણામે હવે એ શકય બને છે કે દલિત વર્ગોનો પ્રશ્ન કશી ફાટફૂટ કે વિચ્છેદ વિના ઊકલી જશે. પરંતુ હિંદુ અને મુસલમાનના જે જૂના કોમી ભાગલા પડેલા છે તે દેશના એક કાયમી રાજકીય ભાગલાની આકૃતિ રૂપે સજજડ થઈ ગયા છે. એવી આશા રાખીએ કે કોંગ્રેસ અને દેશ આ સિદ્ધ થયેલી હકીકતને સદાને માટે સિદ્ધ થયેલી હકીકત રૂપે સ્વીકારશે નહિ. અથવા એક કામચલાઉ યોજના કરતાં તેને કોઈ વિશેષ વસ્તુ ગણવામાં આવશે નહિ. કેમ કે, ભાગલા જો ચાલુ રહેશે તો, ભારત ગંભીર રીતે દુર્બળ બની જશે; એ અપંગ પણ બની જશે; આંતર વિગ્રહ એ હંમેશા શકય રહેવાનો, એક નવું આક્રમણ અને પરદેશી સત્તાનો વિજય એ પણ શકય રહે. દેશના ભાગલા જવા જ જોઈએ,- આશા રાખીએ કે એ તંગદિલી ઓછી થવાથી થાય, શાંતી અને સુમેળની જરૂરની એક કમેક્રમે વધતી જતી સમજણમાંથી થાય. બંને વચ્ચે એક સમાન અને એકત્રિત કાર્યની સતત જરૂર ઊભી થતી રહે. એ હેતુ માટે એકતાનું એક સાધન પણ ઊભું કરવામાં આવે. આ રીતે એકતા ગમે તે રૂપમાં બની આવે-જે ચોકકસરૂપ બની આવે તેનું મહત્વ વ્યવહાર પૂરતું હશે, પરંતુ તે મૂળ પાયાની મહત્વની વસ્તુ નહિ હોય. પરંતુ ગમે તે રીતના સાધન દ્વારા, ભાગલા જવા જ જોઈએ અને જશે જ. કેમ કે, એ ભાગલા ગયા વિના ભારતનું ભાવિ ગંભીર રીતે જોખમાઈ જશે અને અતિ નિષ્ફળ પણ થઈ જશે. પરંતુ એ ન જ થવું જોઈએ.

એશિયા ઉદય પામ્યુંછે અને તેના મોટા મોટા ભાગો મુકત થઈ ગયા છે અથવા આ ક્ષણે મુકત થઈ રહ્યા છે; એના બીજા હજી પણ પરતંત્ર રહેલા ભાગો ગમે તે પ્રકારના સંઘર્ષ દ્વારા સ્વતંત્રતા તરફ ગતિ કરી રહ્યા છે. આ બાબતમાં માત્ર થોડુંક જ કરવાનું બાકી છે અને તે આજે કે આવતી કાલે થઈ જશે. ભારતે આ વિષયમાં તેનો ભાગ ભજવવાનો છે અને તે તેણે એક શકિત અને સામર્થ્યપૂર્વક ભજવવા માંડયો છે અને એ કયારનુંયે બતાવી આપે છે કે એની શકયતાઓ કયા પ્રકારની છે અને રાષ્ટ્રોની સમિતિમાં તે કયું સ્થાન લઈ શકે તેમ છે.

માનવજાતિનું એકીકરણ થવા લાગી ગયું છે, જો કે માત્રએક અપૂર્ણ આરંભની રીતે જ, માનવજાતિ સંગઠિત બનેલી છે. પણ તે પ્રચંડ મુશ્કેલીઓની સામે ઝૂઝી રહી છે. પરંતુ આ બાબતમાં વેગ મુકાઈ ગયો છે અને, જો ઈતિહાસના અનુભવને એક માર્ગદર્શક તરીકે લઈ શકાય તો તે, વિજય પામે નહિ ત્યાં સુધી અનિવાર્ય રીતે વધતો રહેવો જ જોઈએ. અહીં પણ ભારતે એક આગળ પડતો ભાગ ભજવવા માંડયો છે. ભારત જો વર્તમાન હકીકતો અને તત્કાલીન શકયતાઓથી મર્યાદિત ન બની રહેતી તેમજ ભવિષ્યમાં દ્રષ્ટિપાત કરી શકતી અને ભવિષ્યને વધુ નજીક લાવી શકતી પેલી વધુ વિશાળ રાજનીતી વિકસાવી શકે તો, એક ધીમા અને ઠંડા વિકાસ તથા હિમ્મતભરેલા અને ઝડપી વિકાસ એ બે વચ્ચેનો આખોયે તફાવત ભારતની હાજરી રચી આપશે. અત્યારે જે કાર્ય થઈ રહ્યું છે તેમાં વચ્ચે એક મહા આપતિ ઉતરી આવે અને તેને અધવચથી અટકાવી દે અથવા તેનો નાશ કરી દે એવું થઈ શકે છે. પરંતુ ત્યારે પણ પરિણામ તો નિશ્ચિત જ છે. કેમકે ગમે તે સ્થિતિમાં કુદરતના ક્રમમાં એકીકરણ તો એક જરૂરી વસ્તુ છે જ, એ એક અનિવાર્ય ગતિ છે અને તેની સિદ્ધિને વિષે આપણે સલામત રીતે અગાઉથી ભાખી શકીએ છીએ. રાષ્ટ્રોને માટે પણ એકીકરણની આવશ્યકતા સુસ્પષ્ટ છે, કેમકે તેના વિના નાનાં નાનાં રાષ્ટ્રોની સ્વતંત્રતા હવે પછી કદી પણ સુરક્ષિત રહી શકશે નહી. અને મોટાં અને બળવાન રાષ્ટ્રો પણ સાચેસાચ સુરક્ષિત રહી શકશે નહી. એટલે આ વસ્તુ સર્વના હિતમાં છે કે એકતા બની આવવી જોઈએ. એકતાને માત્ર માનવમાં રહેલી નિર્વીચંતા અને મૂર્ખ સ્વાર્થપરાયણતા જ અટકાવી શકશે. આ વસ્તુઓની સામે તો, એમ કહેવાયું છે કે કેવો પણ ઝૂઝવામાં નિષ્ફળ નિવડે છે, પરંતુ કુદરતની પોતાની આવશ્યકતા અને પ્રભુની દિવ્ય ઈચ્છાશકિત સામે આ વસ્તુઓ કાયમને માટે ટકી રહી શકવાની નથી. એમ થતા પછી રાષ્ટ્રવાદે પોતાનું કાર્ય સંપૂર્ણ કરી લીધુ હશે; આંતરરાષ્ટ્રીય ભાવના અને દ્રષ્ટિ ની વૃદ્ધિ થવી જોઈએ અને આંતરરાષ્ટ્રીય રૂપો અને સંસ્થાઓ પણ ઉભા થવા જોઈએ; આ પરિવર્તનની પ્રક્રિયામાં બેવડી અથવા બહુવિધ નાગરીકતા મૂકીને પૂરેપૂરીજેવી ગતિવિધિ આવી શકે અને એમાં સંસ્કૃતિઓનું સ્વેચ્છાપૂર્વક સંમિશ્રણ પણ થઈ શકે અને રાષ્ટ્રવાદની ભાવના, પોતાની લડાયકવૃતિ પડતી મુકીને આ વસ્તુઓને પોતાના દૃષ્ટિ બિંદુની સમગ્રતાની સાથે પુરેપુરી સુસંગતતા પણ અનુભવી શકશે. એકત્વની એક નવી ભાવના માનવજાતિનો કબજો લેશે.

જગતને માટેની ભારતની આધ્યાત્મિક ભેટ તો ક્યારથીયે અપાવા લાગી છે. ભારતની આધ્યાત્મિકતા યુરોપ અને અમેરિકામાં એક સદાયે વધતા જતા પ્રમાણમાં પ્રવેશ કરી રહી છે. એ ગતિ વધતી જશે. કાળની ભયાનક દુર્ઘટનાઓ વચ્ચે વધુ ને વધુ આંખો ભારત તરફ આશાપૂર્વક તાકી રહી છે અને ભારતના જીવનદર્શનનો જ માત્ર નહિ, પરંતુ તેની ચૈતસિક અને આધ્યાત્મિક સાધનાનો પણ એક વધતો જતો આશ્રય લેવાઈ રહયો છે.

બાકીનું તો હજી એક અંગત આશારૂપે અને એક વિચાર અને આદર્શ રૂપે છે અને તેણે ભારત તથા પશ્ચિમ બંનેમાં દૂરદર્શી માનસો ઉપર પકડ લેવા માંડી છે. પુરુષાર્થ માટે બાજા કોઈ ક્ષેત્ર કરતા અહિં માર્ગમાં મુશ્કેલીઓ વધારે ભીષણ છે, પણ મુશ્કેલીઓ તો જીતવાને માટે જ સર્જાયેલી છે. અને પ્રભુનો જો સંકલ્પ હશે તોતે જીતાઈ જશે. અહિં પણ, આ વિકાસક્રમ જો સિદ્ધ થવાનો હશે, કેમકે એ વિકાસ આત્મા અને આંતરિક ચેતનાની વૃદ્ધિ દ્વારા જ બની આવવો જોઈએ. તો તેની પ્રારંભક્રિયા ભારતમાંથી થઈ શકે છે. અને આ કાર્યનો પ્રદેશ જો કે વૈશ્વિક જ હોવો જોઈએ, તો પણ કેન્દ્રસ્થ ગતિ ભારતની રહી શકે છે.

ભારતની મુક્તિની આજની તારીખની અંદર હું આ રીતની વસ્તુ મૂકી આપુ છું. મેં જોડેલો આ સંબંધ સિદ્ધ થશે કે નહિ, થશે તો કેટલે સુધી અથવા કયારે તેનો આધાર આ નૂતન અને મુક્ત ભારત ઉપર રહે છે.

- શ્રી અરવિન્દ

પ્રકાશન સૌજન્ય : શ્રી અરવિંદ સોસાયટી, માણેકપરા : સ્વામીનારાયણ મંદીર પાસે, અમરેલી-૩૬૫૬૦૧.
મો. ૯૩૭૭૪૪૮૬૪૪ (શૈલેષ કોટેચા)/મો. ૯૪૨૭૦૨૦૫૦૦ (સુરેશભાઈ જોષી)

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# લીલીયા મોટા પટેલ નગરમાં સાંસ્કૃતિક વોલનું ભૂમિ પૂજન કરાયું..



વિશ્વ બ્રહ્માકુમારી ના બહેનો દ્વારા કરાયું ભૂમિ પૂજન લીલીયા મોટા ના પટેલ નગર વિસ્તારમાં સાંસ્કૃતિક વોલ નું ભૂમિ પૂજન વિશ્વ બ્રહ્માકુમારી ના બહેનો બેન શ્રી ચંપાબેન, યોગીતાબેન,ભૂમિકાબેન ના વરદ હસ્તે વિધિવત રીતે ભૂમિ પૂજન કરાયું આ સાંસ્કૃતિક વોલ અંદાજે પાંચ લાખ જેવી માતબર રકમમાં તૈયાર થવા જઈ રહ્યો છે આ સાંસ્કૃતિક વોલ સામાજિક ધાર્મિક તથા આસપાસના તમામ લોકોને ખાસ ઉપયોગ થવાનો હોય ત્યારે આ સાંસ્કૃતિક વોલ બનતા વિસ્તારના રહીશો દ્વારા સારા કામની શુભકામનાઓ પાઠવવામાં આવેલ આ તકે ભાજપ અગ્રણી ભીખાભાઈ ધોરાજીયા, વિપુલભાઈ



દુધાત, સરપંચ જીવનભાઈ વોરા, ઘનશ્યામ મેઘાણી,કેપ્ટન ધામત,ભુરાભાઈ શેખલીયા, હમીર આપા,જીગ્નેશ ઝિંઝુવાડીયા,ભનુભાઈ ડાભી, ભરતભાઈ ઠુંમર સહિતના રાજકીય સામાજિક અને સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ : 18/08/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શિવમ્

ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

૨૪ કલાક ઈમરજન્સી સારવાર

ડોક્ટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.



## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
* ક્લોઝ નેઇલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઇન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુ:ખાવો, સ્નાયુનો દુ:ખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

* ૨૭ કલાક સોનોગ્રાફી થા ઇમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
* એપોઇન્ટમેન્ટ અગાઉથી લઇ લેવી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ખોટા મંગળસૂત્રના ઝઘડાથી જન્માષ્ટમીના તહેવાર પર વિખૂટા પડતા પરિવારને બચાવતી અમરેલી 181 અભયમ હેલ્પલાઈન ટીમ

અમરેલી, તા.૧૮ ઓગસ્ટ, ૨૦૨૫ (સોમવાર) લગ્નનાં એક વર્ષમાં મંગળસૂત્ર પહેરવા બાબતે જન્માષ્ટમીનાં તહેવાર પર સાસુ-વહુનાં ઝગડાનો કિસ્સો બન્યો હતો. આ ઝગડામાં સાસુએ દીકરા અને દીકરા વહુ બંનેને ઘરની બહાર કાઢી મૂક્યા હતા. આ ઝઘડાનું સુખદ સમાધાન અમરેલી 181 અભયમ ટીમના માધ્યમથી થયું છે.પીડિત મહિલાએ 181 હેલ્પલાઈન પર મદદ માગી હતી. તેમના લગ્નમાં ખોટું મંગળ સૂત્ર તેમના પતિએ પહેરાવ્યું હતું, જે એમના સાસુએ તેમની પાસેથી લઈ લેવા માટે તેમની સાથે ઝઘડા કરે છે. વહુના પિતાએ આપેલા આણાની તિજોરીમાં રુ.૧૦,૦૦૦ છે તેવો ચોરીનો ખોટો આરોપ મૂકી તિજોરીનું તાળું તોડી નાખ્યું હતું અને તેમને પરાણે ઘરની બહાર કાઢી મૂકે છે. આથી તેમને 181 ટીમની સહાયની જરુર હતી.પીડિત મહિલાનો કોલ મળતાં જ 181 મહિલા હેલ્પ લાઈન અમરેલી ટીમના કાઉન્સેલર શ્રી રાધિકા જોષી, G R D શ્રી નયનાબેન, પાયલોટ શ્રી જગદીશભાઈ વડીયા તાલુકાના એક ગામ ખાતે તાત્કાલિક પહોંચ્યા હતા. ગામમાં પહોંચતા જ મહિલા અને તેમના પતિ ગામના બસ સ્ટેન્ડ પર બેઠાં હતા ત્યાં જ તેમનું જરુરી તમામ પ્રકારનું કાઉન્સેલિંગ 181 મહિલા હેલ્પ લાઈન દ્વારા કરવામાં આવ્યું. કાઉન્સેલિંગ દરમિયાન મહિલાએ જણાવ્યુ કે, તેમના લગ્નને એક વર્ષ થયાં છે, તેમના સાસુ સતત ઝઘડા કરે અને અપશબ્દ બોલે છે. પ્રેમ સબંધિત ખોટી શંકા કરે છે, પૈસા સંબંધિત બાબતે પણ તેમને મેણા ટોણા મારી હેરાન કરવામાં આવે છે. લગ્ન પર છાબમાં લાવેલા સોનાનો હાર તેમને કે તેમના પતિને જાણ કર્યા વગર તેમના સસરાએ વેચી દીધો છે. તેમના પિતાએ તેમને તેમના લગ્નમાં આપેલા આણાની કોઈ વસ્તુ તેમને અડવા દેવામાં આવતી નથી.મહિલાની તમામ વાતચીતને સાંભળ્યા બાદ 181 મહિલા હેલ્પ લાઈન દ્વારા આ મહિલાના પતિનું પણ કાઉન્સેલિંગ કર્યુ. આ મહિલાના પતિએ કહ્યુ કે, તે તેમના પત્ની વિશે કંઈ પણ બોલે તો તેમને તેના માતા મારવા દોડે છે અને ઘરમાંથી નીકળી જવા કહે છે. મહિલા અને તેના પતિના કાઉન્સેલિંગ બાદ 181 ટીમે આ પરિવારના ઘરે પહોંચી આ મહિલાના સાસુ-સસરાનું કાઉન્સિલિંગ કર્યું. આ દરમિયાન તેમણે જણાવ્યું કે, વહુને ચડાવેલો સોનાનો હાર લગ્નમાં થયેલા દેવાને ભરવા માટે વહેંચી દેવામાં આવ્યો છે. એમાં વહુને શું પૂછવાનું ? લગ્ન થયા ત્યારથી તેમનો દીકરો તેમને પૈસા આપતો નથી અને તેમના દીકરાની વહુ તેના પતિને કહે તે એ રીતે જ કરે છે. તેમના દીકરાને તેણે વશમાં કરી લીધો છે, દીકરાની વહુ સામે બોલે તો પણ મારો દીકરો કંઈ બોલતો નથી અને મને શંકા હતી કે, વહુ પૈસા સંતાડી અને તેના પિતાના ઘરે પિયરમાં આપી દે છે તેથી મેં તિજોરીનો લોક ખોલ્યું હતું પરંતુ તે ન ખુલતા આ તિજોરીનું તાળું મેં તોડી નાખ્યું હતું.મારા ઘરમાં હું કહું એમ જ થવું જોઈએ તો જ હું મારા ઘરમાં તેમને રહેવા દઈશ ત્યારબાદ તેમના સાસુને સમજાવ્યા કે, મહિલાને તેમના પિતાએ આપેલ વસ્તુ ઘરમાં વપરાશ માટે જ આપી હોય અને અને તિજોરીનો લોક તોડો તો નુકસાની તો ઘરમાં જ થાય. તેથી બંને વાતમાં જતું કરવું જોઈએ અને તમને તમારા દીકરાની વહુ પર કોઈ પણ શંકા હોય તો તમારા દીકરાને વાત કરવી જોઈએ, જે બાબતમાં ઝઘડા ન કરવા જોઈએ. પીડિત મહિલાના સસરાને પણ 181ની ટીમે સમજૂત કર્યા હતા. તમારા દીકરાની આવક ૧૨ થી ૧૫ હજાર છે તો મહિલા પાસે ૧૦,૦૦૦ કેવી રીતે હોય? ત્યારે તેમણે જણાવ્યુ કે, મારા દીકરાની વહુનો કોઈ વાંક નથી તે મંગળસૂત્ર મારા દીકરાએ તેને લગ્ન સમયે ચોરીમાં પહેરાવ્યુ હતું જેના પર હક દીકરાની વહુનો જ લાગે ત્યારબાદ મહિલાના જેઠ-જેઠાણીને બોલાવી અને તેમનું પણ કાઉન્સિલિંગ કરવામાં આવ્યું. એ બન્નેએ કહ્યું કે, મારી માતા સતત ઝઘડા કર્યા કરતા હોવાથી મારા બહેનો પણ પિયરમાં આવતા નથી અને અમે પણ દસ વર્ષથી અલગ રહીએ છીએ. તેમ છતાં મારી માતા અમારા ઘરે આવી અને ઝઘડા કરતા હોય છે ત્યારબાદ મહિલાના સાસુને સમજાવ્યા તથા કાયદાકીય વિગતો આપી હતી. મહિલાને તથા તેમના પતિને સમજૂત કર્યા અને સાતમ-આઠમનું પર્વ હોય તેવા સમયે ઝઘડા કરવાને બદલે ઘરના સભ્યો સાથે રહી તહેવાર મનાવવો જોઈએ. મહિલાના સસરા દ્વારા લગ્નનું જે કાંઈ દેવું થયું છે તે બંને દીકરા સાથે મળી અને ભરી દેશે તથા બંને દીકરા ઘરમાં પણ પૈસા આપશે. જે બાબત સમજાવી અને લેખિત નિવેદન લઈને સાસુ-વહુ અને દીકરાનું સુખદ સમાધાન થયું હતું.આમ, અમરેલી 181 ટીમે એક પરિવારને તૂટતા બચાવ્યો હતો અને પીડિત મહિલા અને તેમના પરિવારના સભ્યોએ અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો, તેમ અમરેલી અમરેલી 181 ટીમે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા દાનબાપુની જગ્યા ખાતેજન્માષ્ટમીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી...





સાવરકુંડલા શહેરની મધ્યમાં ઝીંઝુડા ગેઈટ ખાતે આવેલ સુપ્રસિધ્ધ શ્રીદાનબાપુ જગ્યા ખાતે દરવર્ષની જેમ આવર્ષે પણ જગ્યાના મહંત પૂજ્ય બાપલુબાપુ ભગત ની અધ્યક્ષતામાં જન્માષ્ટમીના પવિત્ર તહેવાર નિમિત્તે ધૂન, ભજન, કીર્તન, મહાપ્રસાદ તથા રાત્રે ૧૨ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવ, હિંડોળા દર્શન, યુવાનો દ્વારા મટકી ફોડ ઉત્સવ ની ઉજવણી વગેરે ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી "તી?જેમાં મોટી સંખ્યામાં યુવાનો દ્વારા મટકીફોડ ઉત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આતકે કાઠી ક્ષેત્રીય સમાજના અગ્રણીઓ, સાવરકુંડલા તાલુકાના રાજકીય, સામાજિક અગ્રણીઓ, સંતો મહંતોતેમજ ધર્મપ્રેમી ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા દાનબાપુની જગ્યાના મહંત બાપલુબાપુ ભગત તેમજ અનુભાઈ ભગત, જીતુભાઈ ભગત દ્વારા શ્રીકૃષ્ણ જન્મોત્સવ નિર્મિતે બાંધવામાં આવેલ અલગ અલગ ત્રણ મટકી ફોડનાર યુવાનો ને પ્રથમ, દ્વિતિય અને તૃતીય નબરો મેળવનાર યુવાનોને રોકડ રકમ અને પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામે તાલુકા કક્ષાનો ૧૫ ઓગસ્ટ - ૭૯મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી...




આ કાર્યક્રમમાં સહભાગી બની, રાષ્ટ્રધ્વજ ને રાષ્ટ્ર ગાન સાથે સલામી આપી.આ અવસરે દેશ માટે પોતાનું સર્વસ્વ બલિદાન આપનાર વીર સ્વતંત્રતા સેનાનીઓને સ્મરણ કરી તેમને વંદન કર્યા.  આ કાર્યક્રમમાં તાલુકા વહીવટી તંત્ર દ્વારા પોલીસ પરેડ, આઈસીડીએસ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, આરોગ્ય વિભાગ વગેરે દ્વારા સ્ટોલ ગોઠવી  વિવિધ યોજનાઓ ની માહિતી આપવામાં આવી હતી અને શાળાના બાળકો દ્વારા તૈયાર કરાયેલી અલગ અલગ કૃતિઓ રજૂ કરવામાં આવી આ કાર્યક્રમમાં મામલતદાર સાહેબ શ્રી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી તેમજ ઉપપ્રમુખ શ્રી, ચેરમેન શ્રી, તાલુકા પંચાયત સદસ્ય શ્રીઓ, જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ,  તેમજ તાલુકા ભાજપ પ્રમુખશ્રી અને સરપંચ શ્રીઓ, તાલુકા સહકારી સંસ્થાના આગેવાનો, દાતાશ્રીઓ તેમજ તાલુકા વહીવટી તંત્ર અને ગામના આગેવાનો અને શાળાના બાળકો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કોબા ખાતે જૈન મુનિના આશીર્વાદ પ્રાપ્ત કરતા મુખ્યમંત્રીશ્રી...




કોબા ખાતે જૈન આચાર્ય મહાશ્રમણજીના દર્શન-વંદન કરી તેઓશ્રીના આશીર્વચન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મેળવ્યા હતા આ તો કે રાજકીય સામાજિક અને ધાર્મિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને આધ્યાત્મિક બાબત સાંભળી હતી અને બધાની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.



પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

બેનર પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# દ્વારિકાધીશના 5252 માં જન્મોત્સવની ભવ્ય અને દિવ્ય રીતે થઈ ઉજવણી..



16 ઓગસ્ટ 2025 શનિવારના રોજ રાત્રિના 12:00 કલાકે દ્વારકાધીશના 5252 માં જન્મદિવસની ભવ્ય અને દિવ્ય રીતે ઉજવણી થઈ હતી જન્માષ્ટમી અને દ્વારકા બંને કૃષ્ણ ભક્તોના હૃદયમાં સ્થાન ધરાવે છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણના 5252 માં જન્મોત્સવની સાથે ઉજવણી કરાઈ હતી જન્માષ્ટમી એ દ્વારકા ભાવિકોથી છલકાયું હતું જગત મંદિરે દર્શનાર્થે લાઈનો લાગી હતી. જન્માષ્ટમી એ શ્રીજીને ખુલ્લા પડદે અભિષેક કરાયો હતો. રાત્રે બાર વાગ્યાના ટકોરે નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકીના ગગનભેદી નાદ થી મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. સમગ્ર વાતાવરણ કૃષ્ણમય થયું હતું. મંદિરમાં રાત્રે 2:30 વાગ્યા સુધી દર્શનાર્થી ભાવિકોની ભીડ રહી હતી દ્વારકામાં ત્રણ દિવસમાં પાંચ લાખ ભાવિકોએ દર્શન કર્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 18/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જય શ્રી સતી માં

**આવી રહ્યો છે... ગ્રાહકો ના ઘરે ઘરે આનંદોત્સવ**
**સૌભાગ્યનો સંદેશ આવી ગયો છે... આપનું ભાગ્ય ચમકી રહ્યું છે...**

"સોના થી સમૃદ્ધિ ચમકે, સંપત્તિ ચમકે, સૌંદર્ય ચમકે,
સુરક્ષા ચમકે, શ્રૃંગાર ચમકે...પણ હવે "સૌભાગ્ય" પણ ચમકશે!"




## સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ – 2025

તો એડવાન્સ બુકિંગ ની શુભ શરુઆત થઈ ગઈ છે
તો એડવાન્સ બુકિંગ માટે આજે જ અમારા શો - રૂમ માં પધારો

**જેમાં છે બમ્પર ઈનામો નો વરસાદ.. જેમાં છે. 1 થી 5 બમ્પર ઈનામ**
**6 મારુતિ અલ્ટો30 * 7 એકટીવા 90 * 8તથા અન્ય મોટા ઈનામો**

AR JEWELLERS
# એ.આર. જવેલર્સ

**રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.**
**મો. 98244 46074/94286 18687**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# અટલ બિહારી વાજપેયીજી ની પુણ્યતિથિ નિમિત્તે સાવરકુંડલા માં પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો...



ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન, શ્રેષ્ઠ વક્તા, લોકશાહી ના સચ્ચા ઉપાસક અને ભારત રત્ન સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયીજી ની પુણ્યતિથિ નિમિત્તે 16 ઓગસ્ટ 2025 શનિવારના રોજ સાવરકુંડલા શહેર ભાજપ દ્વારા સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા ના અટલધારા કાર્યાલય ખાતે પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શહેર ભાજપના હોદ્દેદારો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. બધાએ મળીને અટલજીના વિઝન, વિચારો અને જનકલ્યાણ માટેના તેમના યોગદાનને યાદ કરીને તેમને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ધારી ખાતે જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી થઈ." નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી...

હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલ કી."ના નાદ સાથે 16 ઓગસ્ટ 2025 શ્રાવણ વદ આઠમને જન્માષ્ટમીના દિવસે ધારી ખાતે ભરવાડ સમાજના યુવા સંગઠન અને ધારી તાલુકા આહીર સમાજ આયોજિત ભગવાનશ્રી કૃષ્ણની શોભાયાત્રા ધારી શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી હતી અને પ્રેમપરા ખાતે યાત્રાનું સમાપન થયેલ, આ શોભાયાત્રામાં ભગવાનશ્રી કૃષ્ણના દર્શનનો લાભ મોટી સંખ્યામાં ભક્તો એ લીધો હતો.આ ભવ્ય શોભાયાત્રા માં દર્શનનો લાભ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્યશ્રી જે. વી. કાકડીયા, અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી,પૂર્વ ધારાસભ્યશ્રી મનસુખભાઈ ભુવા, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી મૃગેશભાઈ કોટડીયા, શ્રી જીતુભાઈ જોષી, શ્રી ખોડાભાઈ ભુવા, શ્રી પ્રિતેશભાઈ શિરોયા, શ્રી પરેશભાઈ પટ્ટણી સહીત આગેવાનો ઉપસ્થિત રહેલ. ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ પ્રાપ્ત કરી બધાએ ધન્યતા અનુભવી હતી.









કે.ડી. NEWS
તારીખ : 18/08/2025
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# આજે શ્રાવણ માસનો અંતિમ સોમવાર શિવાલયોમાં ભાવિકોનો સાગર..



તારીખ 18 ઓગસ્ટ 2025 સોમવારના રોજ શ્રાવણ માસનો અંતિમ સોમવાર છે શિવાલયોમાં માનવ મેદની ઉમટી પડશે શ્રાવણ માસના ચોથા સોમવારે વહેલી સવારે ચાર વાગ્યાથી સોમનાથ મંદિર ખુલ્લુ રાખવામાં આવ્યું હતું તેમ જ ટ્રસ્ટ દ્વારા પ્રાંત મહાપુજા સવારે 6 થી 7 પ્રાંત આરતી સવારે 07:00 થી 7:15 રાખવામાં આવી હતી સોમનાથ મહાદેવ સહિત નાગેશ્વર મહાદેવ સહિત સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતમાં આપો દ્રષ્ટિમાં તેજ અનોખું સારી સૃષ્ટિને શિવરૂપે દેખું ના ભાવ સાથે શિવ ભક્તો શિવાલયોમાં ઉપસ્થિત રહેશે અને દરેકની સુખાકારી માટે પ્રાર્થના કરશે કંઈ ભૂલ હોય તો ભગવાન પાસે માફી પણ માંગશે ને ભગવાનનો આભાર પણ માનશે અને સમગ્ર વાતાવરણ શિવમય બનશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

## New collection

## મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
## તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

## લાઈવ કેક
માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ
ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ



# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## ફૈઝે મુહમ્મદી એજ્યુકેશનલ વેલ્ફેર એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સાવરકુંડલા સંચાલિત એસ.એમ.જી. કે એજ્યુકેશનલ કોમ્પલેક્ષ મહુવા રોડ સાવરકુંડલા મુકામે

# દેશની આઝાદીના 79 સ્વતંત્રતાદિન ની ઉજવણી આન બાન અને શાનથી ઉજવવામાં આવી...



આ પ્રસંગે ધ્વજારોહણ કારગિલ યુદ્ધના લડવૈયા યુનુસભાઈ મલેક ના હાથે કરવામાં આવી અને તેમને સન્માન પત્ર પીર સૈયદ દાદાબાપુ રહેમતુલાહીઅલેયહી ના પોત્ર અને પીર સૈયદ અહેમદ મુનીર બાપુ ના ફરજંદ સૈયદ મુહંમ્મદ નૂરાની બાપુના હસ્તે સન્માન પત્ર અર્પણ કરવામાં આવ્યું કાર્યક્રમનું સંચાલન પ્રિન્સિપાલ પઠાણ સાહેબ દ્વારા કરવામાં આવ્યું સ્વાગત પ્રવચન એકેડેમી ડાયરેક્ટર બોદર સાહેબ દ્વારા કરવામાં આવ્યું વિદ્યાર્થીઓ ના વક્તવ્યો અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા સમગ્ર ટ્રસ્ટીઓ અશરફભાઈ, રાજુભાઈ અને આમંત્રિત



મહેમાનો ની હાજરીમાં સુંદર આયોજન રમતગમત શિક્ષક નાસિરબાપુ અને શિક્ષકો સહકારથી કરવામાં આવ્યુ અંતમાં કેમ્પસ ડાયરેક્ટર કુરેશી સાહેબ દ્વારા સૌ મહેમાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

તારીખ : 18/08/2025

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાર્વત્રિક વરસાદના પરિણામે રાજ્યના કુલ ૨૦૭માંથી ૭૬ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાયા

રાજ્યમાં ચાલુ ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૧૮ ઓગસ્ટ ૨૦૨૫ની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના કુલ ૨૦૭ ડેમમાંથી ૭૬ ડેમ હાઈએલર્ટ એટલે કે ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાયા છે. જ્યારે ૨૬ ડેમ એલર્ટ પર તેમજ ૨૨ ડેમ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૭૬.૪૦ ટકા જળસંગ્રહ ઉપલબ્ધ છે.ગુજરાતમાં અત્યારસુધીમાં સરેરાશ ૬૮.૯૧ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૭૨ ટકા વરસાદ દક્ષિણ ગુજરાતમાં જ્યારે ઉત્તર ગુજરાતમાં ૭૧ ટકા, કચ્છમાં ૭૦ ટકા, પૂર્વ મધ્યમાં ૬૯ ટકા જ્યારે સૌરાષ્ટ્રમાં ૬૩ ટકાથી વધુ સરેરાશ વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટના ધોરાજીમાં ૩ ઈંચથી વધુ, માળિયાહાટીમાં ૨ ઈંચથી વધુ જ્યારે ડાંગ આહવા, અબડાસા, કામરેજ અને સુબીર તાલુકામાં ૨ ઈંચથી વધુ આ ઉપરાંત ૨૪ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે તેમ, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર- SEOC, ગાંધીનગરની દ્વારા જણાવાયું છે.

ગુજરાતમાં નોંધપાત્ર વરસાદના પરિણામે જગતના તાત એવા ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં સરેરાશ કુલ ૮૭ ટકાથી વધુ વિસ્તારમાં ખરીફ –ચોમાસું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ ૨૦ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર જ્યારે બીજા ક્રમમાં ૨.૭૩ લાખ હેક્ટરમાં સોયાબીન જ્યારે ત્રીજા ક્રમમાં ૮.૪૩ લાખ હેક્ટર વિસ્તારમાં ડાંગરનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમ, કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું છે.

ગુજરાતના માછીમારોને તા. ૧૮ થી ૨૧ ઓગસ્ટ સુધી દરિયો નહીં ખેડવા IMD દ્વારા જણાવાયું છે. વરસ્યો હોવાનું યાદીમાં જણાવાયું છે.

## અત્યારસુધીમાં રાજ્યમાં સરેરાશ ૬૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો :

## સૌથી વધુ ૭૨ ટકા વરસાદ દક્ષિણ ગુજરાતમાં વરસ્યો

જમ્બો A4 પેકેટ
₹ 175
મીનીમમ 10 પેકેટ
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે સોમનાથ મહાદેવના દર્શન કરતાં મુખ્યમંત્રીશ્રી...









આજ તારીખ 18 ઓગસ્ટ 2025 પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે દ્વાદશ જ્યોતિર્લિંગના પ્રથમ જ્યોતિર્લિંગ અને સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ સોમનાથ મહાદેવના દર્શન-પૂજન કરી ધન્યતા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે મેળવી હતી.ભોળાનાથના ચરણોમાં શીશ ઝુકાવી સૌના મંગલની તથા રાજ્ય-રાષ્ટ્રની પ્રગતિ અને સુખાકારીની પ્રાર્થના કરી હતી.આ અવસરે, સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગીર સોમનાથ જિલ્લાના આંગણવાડીના નાના ભૂલકાઓ માટે લાડુપોષણ પ્રસાદ વિતરણનો શુભારંભ પણ મુખ્યમંત્રીશ્રીએ કરાવ્યો હતો.માનનીય વડાપ્રધાનશ્રી અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ “પોષણ ભી, પઢાઈ ભી”નો મંત્ર આપીને ભૂલકાઓના અભ્યાસ સાથે પોષણની પણ ચિંતા કરી છે. અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનમાં આ અભિગમને આગળ ધપાવતા સોમનાથ ટ્રસ્ટ દ્વારા આગામી એક વર્ષ માટે ગીર સોમનાથ જિલ્લામાં ૭ લાખ લાડુ પ્રસાદ વિતરણનો સેવાયજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત, લાડુ પ્રસાદના રૂપમાં ૨૮ ટન પોષણયુક્ત આહાર બાળકોને અપાશે. આ લાડુનું પેકિંગ ઓટોમેટિક પેકેજિંગ મશીનથી એરટાઈટ રીતે અને સંપૂર્ણ સ્વચ્છતા સાથે થાય છે, તેમજ આ માટે બાયોડીગ્રેડેબલ મટિરિયલનો ઉપયોગ કરવામાં આવે છે.ટ્રસ્ટ દ્વારા પોષણ સહાય, આરોગ્ય સહાય સહિતની સામાજિક સેવાની વિવિધ પ્રવૃત્તિઓ નિયમિત રીતે હાથ ધરવામાં આવે છે, તે સરાહનીય છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# HAPPY BIRTHDAY



## કમલેશભાઈ મહેતા

મહાકાળી પાન સેન્ટર
જેજાદ

HAPPY BIRTHDAY

ના નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા માંથી તમે શું શીખ્યા?
## ચિન્ટુ : સેક્રેટરી ની ચૂંટણી જ ન આવી..

## ભાઈ સૈયારા ગીત ને ટક્કર દે તે કોણ સિંગર?
## જવાબ: જીગ્નેશ કવિરાજ

## ભાઈ સાતમ આઠમમાં મેળાના ચકડોળમાં ચડજો શેરબજારના ચકડોળમાં નહીં...

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 18 ઓગષ્ટ
# મહત્વની ઘટનાઓ

૧૮૬૮ – ફ્રેન્ચ ખગોળશાસ્ત્રી પિયરે જુલ્સ સિઝર જાન્સેને (Pierre Jules César Janssen) હિલીયમ વાયુની શોધ કરી.

૧૮૭૭ – અસફ હોલે (Asaph Hall) મંગળનો ચંદ્ર ફોબોસ શોધ્યો.

૧903 – જર્મન એન્જિનિયર કાર્લ જેથોએ રાઈટ બંધુઓની પ્રથમ ઉડાનના ચાર મહિના પહેલા કથિત રીતે પોતાનું સ્વનિર્મિત મોટરગ્લાઈડિંગ વિમાન ઉડાડ્યું.

૧૯૪૨ – અડાસનો ગોળીબાર, બોમ્બે પ્રેસિડેન્સી, બ્રિટિશ ઈન્ડિયાના કૈરા જિલ્લાના (વર્તમાન ગુજરાત, ભારતમાં આણંદ જિલ્લામાં) અડાસ ગામમાં અડાસ રેલ્વે સ્ટેશન પર ભારત છોડો ચળવળ દરમિયાન છ લોકો મૃત્યુ પામ્યા અને મોટી સંખ્યામાં ઘાયલ થયા.૧૯૪૫ – સુકર્ણોએ ઈન્ડોનેશિયાના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે પદ સંભાળ્યું.

૧૯૫૮ – વ્લાદિમીર નાબોકોવની વિવાદાસ્પદ નવલકથા લોલિતા અમેરિકામાં પ્રકાશિત થઈ.

૧૯૫૮ – બાંગ્લાદેશના તરવિયા બ્રોજેન દાસ ઈંગ્લીશ ચેનલ પાર કરનારા પ્રથમ એશિયન બન્યા.

૧૯૬૩ – નાગરિક અધિકાર આંદોલન: જેમ્સ મેરેડિથ મિસિસિપી યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલા પ્રથમ આફ્રિકન અમેરિકન બન્યા.

૨૦૦૫ – ઈન્ડોનેશિયાના જાવા ટાપુ પર વીજસંકટ ઘેરાયું, લગભગ ૧૦૦ મિલિયન લોકોને અસરકર્તા આ પાવરકટ ઈતિહાસનું સૌથી મોટું અને સૌથી વ્યાપક વીજસંકટ માંનું એક છે.

૨૦૦૮ – વિરોધપક્ષોનાં દબાણને કારણે, પાકિસ્તાનનાં પ્રમુખ પરવેઝ મુશર્રફે રાજીનામું આપ્યું.

## જન્મ

૧૭૦૦ – પેશ્વા બાજીરાવ પહેલો, મરાઠા સામ્રાજ્યના સાતમા પેશવા. (અ. ૧૭૪૦)

૧૮૭૨ – વિષ્ણુ દિગંબર પલુસ્કર, હિન્દુસ્તાની સંગીતકાર, રઘુપતિ રાઘવ રાજા રામ ભજનનું મૂળ સંસ્કરણના ગાયક અને ગંધર્વ મહાવિદ્યાલયના સ્થાપક (અ. ૧૯૩૧)

૧૯૨૩ – અરદેશીર તારાપોર, પરમવીર ચક્ર વિજેતા સૈન્ય અધિકારી (જ. ૧૯૬૫)

૧૯૩૪ – ગુલઝાર, ભારતીય કવિ, ગીતકાર અને ફિલ્મ દિગ્દર્શક

૧૯૪૧ – સિતાંશુ યશશ્ચન્દ્ર, ગુજરાતી કવિ, નાટ્યલેખક, અનુવાદક અને શિક્ષણશાસ્ત્રી

૧૯૪૬ – અરુણા ઈરાની, ભારતીય ચલચિત્ર અભિનેત્રી

૧૯૫૬ – સંદીપ પાટીલ, ભારતીય ક્રિકેટર

૧૯૫૯ – નિર્મલા સીતારામન, ભારતીય રાજકારણી

૧૯૬૭ – દલેર મહેંદી, ભારતીય ભાંગડા/પોપ ગાયક

૧૯૮૦ – પ્રીતી જાંગિયાની, ભારતીય અભિનેત્રી

## અવસાન

૧૯૪૫ – સુભાષચંદ્ર બોઝ, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી નેતા (જ. ૧૮૯૭)

૧૯૯૮ – પર્સીસ ખંભાતા, ભારતીય મોડેલ અને અભિનેત્રી, ફેમિના મિસ ઈન્ડિયા ૧૯૬૫ (જ. ૧૯૪૮)

૨૦૧૮ – કોફી અન્નાન, સંયુક્ત રાષ્ટ્રસંઘના ૭મા સેક્રેટરી જનરલ અને નોબેલ પારિતોષિક વિજેતા (જ. ૧૯૩૮)

તારીખ : 18/08/2025

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




# કરુણા

**મંગલકારી !**

**એક આપ જ એવા છો, જે પ્રત્યેક જીવપ્રાણીમાત્ર સાથે નિષ્કામ પ્રેમ કરો છો.**
**અમે લાયક ન હોવા છતાં આપે અમને રહેવાને પૃથ્વી, પીવાને જળ,**
**જમવાને અન્ન, જોવાને પ્રકાશ અને ફરવાને આકાર આપ્યું છે.**
**અમારી અનેકો ભુલોને અવગણીને આપ અમને જિવાડી રહ્યા છો.**
**સ્વામી ! આપની કરુણાનો કોઈ પાર નથી અને**
**અમારી કૃતઘ્નતાનો કોઈ પાર નથી.**

**પૂ. સ્વામી શ્રી ભોલાનંદ સરસ્વતીજી મહારાજ**

(- બ્ર. પૂ. પા. સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજના કૃપાપાત્ર સદ્દશિષ્ય શ્રી)



Guru Sannidhya

સાનિધ્ય એન્ડ્રોઈડ એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે આ QR સ્કેન કરો.

તારીખ : 18/08/2025

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરુદેવ કહે છે

## “જીવનની ગુણવત્તાનો આધાર ? અભિગમ.”



**આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

## નાની-મોટી


## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**



SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/08/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

# 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના
# સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી NEWS

તારીખ : 18/08/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




**સંપર્ક : મો. 9499797973**